ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગર (ઉ)માં ૬ બુથો પર ૮૦ ટકાથી વધુ મતદાન

## ૨૦૧૭ની તુલનામાં આ બેઠક પર ૮.૩૨ ટકા મતદાન ઘટ્યુ : ગાંધીનગર (ઉ) બેઠક પર ૩૩ બુથો પર ૨૪ ટકાથી વધુ પણ ૫૦ ટકા કરતાં ઓછા મતદાનથી સૌ નેતાઓએ ચૂપકીદી ધારણ કરી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર (ઉ) વિધાનસભામાં ગઈકાલે યોજાયેલ મતદાન પછી આજે આવેલા આંકડાઓ પછી આંકડા વિશ્લેષકોએ રસપ્રદ તારણો રજુ કર્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં વધુ મતદાન અને શહેરી વિસ્તારોમાં ઓછુ મતદાન થયુ છે.

ગાંધીનગર (ઉ) બેઠક માટે ૨૦૧૭ કરતાં ૮.૩૨ ટકા મતદાન ઓછુ નોંધાયુ છે. જિલ્લાની પાંચેય બેઠકો પર ૨૦૧૭ કરતાં મતદાન ઓછુ નોંધાયુ છે. ૨૦૧૭ની તુલનામાં પાંચેય બેઠક પર સરેરાશ ૧૦.૩૨ ટકા મતદાન ઓછુ નોંધાયુ છે. દહેગામ બેઠક પર ૪.૧૨ ટકા, ગાંધીનગર (દ) બેઠક પર ૧૨.૫૬ ટકા, ગાંધીનગર (ઉ) બેઠક પર ૮.૩૨ ટકા, માણસામાં ૬.૨૩ ટકા અને કલોલમાં ૧૭.૦૫ ટકા મતદાન ઓછુ ૨૦૧૭ની તુલનામાં નોંધાયુ છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર ૬ બુથો પર ૮૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયુ છે. સૌથી વધુ મતદાન સોનીપુરના એક બુથ પર ૮૪.૪૮ ટકા, રૂપાલના એક બુથ પર ૮૩.૪૬ ટકા, કોલવડાના એક બુથ પર ૮૨.૧૨ ટકા, કોલવડાના બીજા એક બુથ પર ૮૦.૦૭ ટકા, આદરજમાં એક બુથ પર ૮૩.૧૭ ટકા અને એક બુથ પર ૮૧.૨૮ ટકા મતદાન નોંધાયુ છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર શહેરના ૪ બુથ પર ૩૦ ટકાથી પણ ઓછુ મતદાન નોંધાયુ છે. સે. ૧૨ના એક બુથ પર ૨૯.૦૩ ટકા, સે. ૨૮ના એક બુથ પર ૨૪.૮૮ ટકા, સે. ૨૮ના બીજા એક બુથમાં ૨૭.૯૪ ટકા, સે. ૨૯ના એક બુથ પર ૨૯.૧૨ ટકા મતદાન નોંધાયુ છે. આમ સે. ૨૮ના બુથ પર ૨૪.૮૮ ટકા મતદાન નોંધાયુ છે તે આ બેઠક પર સૌથી ઓછુ મતદાન નોંધાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર (ઉ)નું મતદાન - એક નજરે

(સત્તાવાર આંકડા)

| | કુલ મતદારો | થયેલ મતદાન | ટકા |
|---|---|---|---|
| ગ્રામિણ વિસ્તાર | ૯૪,૬૯૯ | ૬૫,૩૩૨ | ૬૮.૯૯ |
| શહેરી વિસ્તાર | ૧,૫૯,૦૨૧ | ૮૯,૦૭૫ | ૫૬.૦૧ |
| કુલ | ૨,૫૩,૭૨૦ | ૧,૫૪,૪૦૭ | ૬૦.૮૫ |

### ગાંધીનગર (ઉ) બેઠક

**શહેરી વિસ્તાર - ક્યાં - કેટલુ મતદાન**

| સેક્ટર | કુલ મતદારો | થયેલ મતદાન | ટકા |
|---|---|---|---|
| સેક્ટર-૧ | ૧૭૨૩ | ૧૦૦૬ | ૫૮.૩૮ |
| સેક્ટર-૨ | ૧૦૯૮૨ | ૬૩૮૮ | ૫૮.૧૬ |
| સેક્ટર-૩ | ૧૨૦૫૦ | ૭૨૧૨ | ૫૯.૮૫ |
| સેક્ટર-૪ | ૮૫૮૮ | ૫૧૯૮ | ૬૦.૫૨ |
| સેક્ટર-૫ | ૭૭૮૮ | ૪૬૪૬ | ૫૯.૬૫ |
| સેક્ટર-૬ | ૫૦૧૫ | ૨૮૫૦ | ૫૬.૮૨ |
| સેક્ટર-૭ | ૭૫૨૭ | ૪૧૩૪ | ૫૪.૯૨ |
| સેક્ટર-૮ | ૩૪૮૪ | ૧૮૭૯ | ૫૩.૯૩ |
| સેક્ટર-૯ | ૨૬૦ | ૧૨૭ | ૪૮.૮૪ |
| સેક્ટર-૧૨ | ૨૬૩૯ | ૧૨૫૫ | ૪૭.૫૫ |
| સેક્ટર-૧૩ | ૮૫૬૮ | ૪૮૧૮ | ૫૬.૨૩ |
| સેક્ટર-૧૪ | ૬૪૪૬ | ૩૫૪૨ | ૫૪.૯૪ |
| સેક્ટર-૧૫ | ૧૭૯૭ | ૧૧૨૬ | ૬૨.૬૫ |
| સેક્ટર-૧૬ | ૨૧૮૩ | ૮૦૪ | ૩૬.૮૩ |
| સેક્ટર-૧૭ | ૧૭૬૭ | ૭૦૯ | ૪૦.૧૨ |
| સેક્ટર-૧૯ | ૧૫૦૬ | ૭૬૨ | ૫૦.૫૯ |
| સેક્ટર-૨૦ | ૩૪૭૧ | ૧૮૫૮ | ૫૩.૫૨ |
| સેક્ટર-૨૧ | ૩૭૧૪ | ૧૮૦૮ | ૪૮.૬૮ |
| સેક્ટર-૨૨ | ૫૮૪૫ | ૩૦૯૬ | ૫૨.૯૬ |
| સેક્ટર-૨૩ | ૩૯૧૬ | ૧૯૬૪ | ૫૦.૧૫ |
| સેક્ટર-૨૪ | ૧૧૦૮૩ | ૬૫૯૭ | ૫૯.૫૨ |
| સેક્ટર-૨૫ | ૨૬૫૬ | ૧૬૬૦ | ૬૨.૫૦ |
| સેક્ટર-૨૬ | ૬૪૬૮ | ૩૯૫૬ | ૬૧.૧૬ |
| સેક્ટર-૨૭ | ૫૮૮૩ | ૩૩૩૮ | ૫૬.૭૩ |
| સેક્ટર-૨૮ | ૫૧૩૧ | ૨૩૪૪ | ૪૫.૬૮ |
| સેક્ટર-૨૮-ચરેડી | ૧૩૩૫ | ૮૨૭ | ૬૧.૯૪ |
| સેક્ટર-૨૯ | ૫૩૮૨ | ૨૪૬૫ | ૪૫.૮૦ |
| સેક્ટર-૩૦ | ૪૫૯૪ | ૨૦૮૯ | ૪૫.૪૭ |
| જીઈબી કોલોની | ૪૪૬૬ | ૨૧૬૮ | ૪૮.૫૪ |
| આદિવાડા | ૨૦૧૩ | ૧૨૬૮ | ૬૨.૯૯ |
| બોરીજ | ૩૫૫૪ | ૨૨૬૦ | ૬૩.૫૯ |
| ઈન્દ્રોડા | ૩૧૯૨ | ૨૨૬૮ | ૭૧.૦૫ |
| ધોળાકુવા | ૩૯૯૫ | ૨૬૫૩ | ૬૬.૪૦ |
| કુલ મતદાન | ૧,૫૯,૦૨૧ | ૮૯.૦૭૫ | ૫૬.૦૧ |

**ગ્રામિણ વિસ્તાર - ક્યાં કેટલુ મતદાન**

| સેક્ટર | કુલ મતદારો | થયેલ મતદાન | ટકા |
|---|---|---|---|
| ઉનાવા | ૬૨૨૮ | ૪૨૩૬ | ૬૮.૦૧ |
| પીંડારડા | ૧૬૩૬ | ૧૨૧૨ | ૭૪.૦૮ |
| પીંપળજ | ૨૫૭૨ | ૧૮૨૪ | ૪૬.૯૧ |
| વાસણ | ૩૪૦૪ | ૨૫૧૦ | ૭૩.૭૩ |
| રૂપાલ | ૫૯૬૬ | ૪૪૬૫ | ૭૪.૮૪ |
| રાંધેજા | ૧૦૩૨૧ | ૭૫૨૯ | ૭૨.૯૪ |
| સરઢવ | ૭૨૦૮ | ૪૯૫૭ | ૬૮.૭૭ |
| સોનીપુર | ૧૭૯૨ | ૧૪૬૫ | ૮૧.૭૫ |
| પેથાપુર | ૨૧૨૬૭ | ૧૩૨૧૧ | ૬૨.૧૧ |
| કોલવડા | ૧૦૨૫૪ | ૭૨૭૭ | ૭૦.૯૬ |
| જલુંદ | ૧૮૧૯ | ૧૪૩૪ | ૭૮.૮૩ |
| આદરજમોટી | ૭૪૩૪ | ૫૮૫૫ | ૭૮.૭૫ |
| વાવોલ | ૧૪૭૯૮ | ૯૩૫૭ | ૬૩.૨૩ |
| કુલ મતદારો | ૯૪૬૯૯ | ૬૫૩૩૨ | ૬૮.૯૯ |

### જિલ્લામાં ૨૦૧૭ની તુલનામાં ઘટેલા મતદાન પછી શરતોના બજારમાં ગરમાવો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૧૦.૩૨ ટકા ઓછુ મતદાન ૨૦૧૭ની તુલનામાં થતાં રાજકારણને લઈ લાગતી શરતોના બજારમાં ગરમી આવી છે. ગાંધીનગર જિલ્લાની બેઠકો પર જુદી જુદી શરતો લાગી છે. જિલ્લામાં જે રીતે મતદાનનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો તેને લઈ પણ શરતો લાગી હોવાની વાતો રાજકીય ગલિયારીઓમાં જામી છે.

જિલ્લાની પાંચેય બેઠકોના પરિણામને લઈ આ શરતો લાખો રૂપિયાની લાગી હોવાની ચર્ચાઓ છે. રાજકીય ગલિયારીઓમાં એક્ઝીટ પોલના પરિણામો, જ્યોતીષીઓની આગાહી અને સટ્ટા બજાર સાચુ પડશે કે નહિ તેને લઈ પણ શરતો લાગી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગરની બન્ને બેઠકો પર ચર્ચાઓમાં વધુ છે. જો કે મતદારોની નિરસતા અને ગ્રામ્ય વિસ્તારમાં મતદારોએ બતાવેલી જાગૃતતા કોને ફાયદો કરાવશે અને કોને નુકશાન થશે તે તો ૮મી પછી જ ખબર પડશે. કેટલીક શરતો લીડને લઈ લાગી હોવાની પણ ચર્ચા આ ગલિયારીઓમાં છે. જિલ્લામાં અને રાજ્યમાં કોની સૌથી વધુ લીડ રહેશે તે વિષય ટોક ઓફ ધી ટાઉન બનેલ છે.



ચૂંટણીના માહોલમાં આ તસ્વીરના ઘણા બધા સૂચિતાર્થ છે. વિકાસ અને વિકાસની વાતો સાથે લાકડાંઓ લઈ જઈ રહેલા આ શ્રમજીવીને કઈ લેવા દેવા હોય તેવુ લાગતુ નથી. કઈ કેટલીય સરકારો આવી અને ગઈ, કંઈ કેટલાય વાયદાઓ થયા અને કંઈ કેટલીય યોજનાઓ અમલી બની પરંતુ ખરેખર જેને જરૂરીયાત છે તેવા આ શ્રમજીવીઓ સુધી ખરેખર લાભો પહોંચ્યા છે..? વર્ષો અગાઉ પણ તે ઈંધણ માટે સૂકાં લાકડાંઓ એકત્ર કરતો હતો અને આજે પણ કરે છે. તેના જીવનમાં તો જાણે કંઈ ફેરફાર આવ્યો જ નથી. ખરેખર આવા શ્રમજીવીઓ સુધી લાભો પહોંચે અને તેનુ જીવનધોરણ ઉંચુ આવે ત્યારે જ આપણા અને સરકારના પ્રયત્નો ફળશે. બાકી તો યોજનાઓ પાછળ કરાતો ખર્ચો વ્યર્થ જ થયેલો ગણાશેને...!

# પાલજ બાસન શાહપુર માર્ગ નિર્માણનો પ્રોજેક્ટ અદ્ધરતાલ

## છેલ્લા ૬ મહિનાના અંતે પણ કામ હાથ ધરાયુ નથી

ગાંધીનગર નજીક બિઝનેસ હબ તરીકે ઉભરતા ગિફ્ટ સિટીની સાથે જોડાયેલા માર્ગોને અપગ્રેડ કરવાનું કામ તબકકાવાર હાથ ધરવામાં આવી રહ્યું છે આનુસંગિક રસ્તાઓ સહીત માળખાગત સુવિધાઓ પણ યોગ્ય કરવા માટે કામોને મંજુરી આપવામાં આવી રહી છે ગાંધીનગરના શાહપુરથી ગિફ્ટ સિટી સુધીના નવા માર્ગના કામને મંજુરી અપાયા બાદ ૬ મહિનાના અંતે પણ આ પ્રોજેક્ટ અદ્ધરતાલ છે

ગિફ્ટ સિટીને જોડતા પાલજ, બાસણ, શાહપુર રોડને રીસર્ફેસ કરવા માટે તૈયાર કરવામાં આવેલી યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૪ કરોડના ખર્ચ અંદાજને લીલી ઝંડી આપવામાં આવ્યા બાદ ગાંધીનગરના કોબા રોડ પરથી શાહપુર થઈને ગિફ્ટ સિટી જવા માટે નવા રોડનું બાંધકામ કરવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો. નોંધવું રહેશે કે ગિફ્ટ સિટીને સાંકળતા રોડ નેટવર્કને સમૃદ્ધ કરવા માટે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા પણ આ વિસ્તારમાં રસ્તાઓ ખોલવામાં આવી રહ્યા છે

આગામી દિવસોમાં ગિફ્ટ સિટી સુધી અને ત્યાંથી અક્ષરધામ થઈને મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન પણ દોડશે જેને અનુલક્ષી રોડ નેટવર્કમાં અનેકવિધ સુધારા કરવામાં આવ્યા છે. રોડ એન્જીનીયરિંગમાં વિવિધ ફેરફાર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વાદળછાયું વાતાવરણ, ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો

## લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી મહત્તમ દિવસનુ તાપમાન પણ ૨૯ ડીગ્રી થઇ ગયુ : વાદળિયા વાતાવરણના અંતે માવઠુ થવાની સાથે ઠંડી પણ વધવાની સંભાવના

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી મોસમનો મિજાજ અનોખો જોવા મળે છે. દિવસે ગરમીનુ જોર વધી રહ્યુ છે. જયારે ઠંડી પણ ધીમે ધીમે વધતા નગરજનો માટે હવે વહેલી સવારે અને રાત્રિના સમયે ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. ગઈકાલ સાંજથી શહેરમાં વાદળિયા વાતાવરણની અસર જોવા મળી રહી છે. આજે પણ દિવસે વાદળિયુ વાતાવરણ છવાયુ હતુ જેના લીધે આગામી દિવસોમાં ગમે ત્યારે માવઠુ થાય તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે. બદલાતા મોસમ વચ્ચે આજે ઠંડીનુ જોર વધ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીએ આવી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે મહત્તમ તાપમાનમાં પણ ૧ ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી. વાદળિયા વાતાવરણના અંતે ઠંડી વધુ આકરી બને તેવી પણ સંભાવના છે.

ગાંધીનગરમાં એકબાજુ શિયાળાની મોસમ ધીમે ધીમે જમાવટ કરી રહી છે. અત્યાર સુધી દિવસે આકરી ગરમી અને રાત્રિના ગુલાબી ઠંડીના લીધે બેવડી ઋતુનો અનુભવ કરતા નગરજનો બેચેની અનુભવી રહ્યા હતા. જયારે અત્યાર સુધી સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી ૧૦.૩ નોંધાઈ છે. જયારે ઠંડીનો પારો પણ ૧૨ થી ૧૩ ડીગ્રીની આસપાસ રહે છે. ઠંડીના પ્રમાણમાં વધઘટ સાથે લઘુત્તમ તાપમાન ૧૦ થી ૧૧ ડીગ્રી સુધી પણ નીચે ઉતર્યુ છે. જો કે હવે આગામી દિવસોમાં ઠંડીનુ જોર વધશે તેમ પણ હવામાન તજજ્ઞો માની રહ્યા છે. આજે પણ ઠંડીનો પારો ૧૪.૨ માં થી સીધો ૧૨.૧ નીચે સરકી જતા અચાનક જ ઠંડીનુ જોર વધી ગયુ હતુ. લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી ગઈકાલ સાંજથી મોસમનો મિજાજ બદલાયો છે. શહેરમાં આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ જેના લીધે ધીમે ધીમે ઠંડીનુ જોર વધી રહ્યુ છે. જયારે વાદળિયા વાતાવરણના લીધે આગામી દિવસોમાં કડકડતી ઠંડી પડશે તેમ પણ મનાઈ રહ્યુ છે. છેલ્લા ચાર પાંચ દિવસથી લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૧ ડીગ્રી વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં રવિ સીઝનની વાવણી ૫૫,૦૯૧ હેક્ટરમાં સંપન્ન થઈ

## ચણા, બટાટા, તમાકુના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળ્યો : ઘઉંનું વાવેતર ૧૭ હજાર હેક્ટરમાં થયુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણી પૂરજોશમાં ખીલી છે. ગત વર્ષની તુલનામાં આજ સુધીના વાવેતરમાં વધારો થયો છે. આ વખતે જો કે હાલ ઘઉંના બિયારણની તકલીફો ખેડૂતોને પડી રહી છે. જિલ્લાની પાક પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. ચણા, તમાકુ, બટાટા અને શાકભાજીના પાકો તેમજ રાઈના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળી રહ્યો છે.

ઠંડી ચાલુ થઈ ગઈ છે પરંતુ ઘઉંના બિયારણને લઈ ખેડૂતો દોડાદોડ કરતા નજરે પડી રહ્યા છે. જિલ્લામાં ઘઉંનું વાવેતર અત્યાર સુધીમાં ૧૭,૧૯૭ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં ચણાનું વાવેતર ૮૩૨ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૪૬૦ હેક્ટરમાં, તુમાકુનું વાવેતર ૨૯૫૧ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૬૫૭ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૧૧,૨૮૧ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું વાવેતર ૫૫૯૮ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૧૫,૧૫૫ હેક્ટરમાં નોંધાયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં રવિ સીઝનની સૌથી વધુ વાવણી ગાંધીનગર તાલુકામાં નોંધાઈ છે. જે ૧૭,૭૫૬ હેક્ટર જેટલી છે. આ પછી માણસા તાલુકો આવે છે જ્યાં ૧૭,૨૧૨ હેક્ટરમાં વાવણી સંપન્ન થઈ છે. દહેગામમાં ૧૧,૨૯૪ હેક્ટરમાં અને કલોલમાં ૮૮૨૯ હેક્ટરમાં વાવણી સંપન્ન થઈ છે.

જિલ્લામાં રવિ સીઝન માટે હાલ સાનુકૂળ વાતાવરણ હોવાથી

● અનુસંધાન પાન-૭ પર



નવુ સચિવાલય અને સ્વર્ણિમ સંકુલ ભલે ચકચકાટ હોય પરંતુ જૂના સચિવાલયની સ્વચ્છતા પ્રત્યે જરાય દરકાર રાખવામાં આવતી નથી. અહીંની સરકારી કચેરીઓની આસપાસ કચરાના અપાર ઢગલા જોવા મળે છે. વારંવાર આ બાબતે રજૂઆત કરવા છતાં તેનો ઉકેલ આવતો નથી. રાજ્યના પાટનગરની અતિ મહત્વની કચેરીઓમાં જો હાલત હોય તો પછી અન્ય સ્થળોની તો વાત જ શુ પુછવી..! જુના સચિવાલયના બ્લોક નં. ૧૮ની પાસે કચરાનો મસ મોટો ઢગલો જોવા મળી રહ્યો છે જે સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાડી રહ્યો છે.

# શહેરના મુખ્ય ચ-માર્ગ પર મેટ્રોના ડાયવર્ઝનના લીધે ક્રોસ જંકશન પર માર્ગ સલામતી સામે જોખમ

## સે- ૭-૮ના કટ પાસે માર્ગ ક્રોસ કરતી વેળાએ વાહનચાલકોને મુખ્યમાર્ગ પરથી આવતા વાહનોનુ વિઝન જ મળતુ નથી : આ પોઇન્ટ પર વાહનચાલકો બંધ આંખે હોય તેવી સ્થિતિ સર્જાય છે...!! ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત

ગાંધીનગર તા ૬

શહેરમાં માર્ગ સલામતીના પરિબળો યોગ્ય કરવા માટે હજુ સુધી કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યુ નથી. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં એક યા બીજા પ્રોજેકટને અનુલક્ષી સતત થતી કામગીરીના લીધે માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. શહેરના મુખ્ય ચ માર્ગ પર આવી જ સ્થિતિ છે. સે- ૭ : ૮ પાસે માર્ગ ઓળંગતી વેળાએ વાહનચાલકોને છેલ્લે સુધી મુખ્યમાર્ગ પરથી પુરપાટ આવતા વાહનોનુ વિઝન જ મળતુ નથી સેન્ટ્રલ વર્જના વિસ્તારમાં મોટી આડશ કરી દેવાતા વાહનચાલકો આ પોઈન્ટ પર બંધ આંખે હોય તેવી સ્થિતિ સર્જાય છે.

ગાંધીનગર શહેરમાં માર્ગ સલામતીના પરિબળો ડગલે ને પગલે જોખમાતા હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. એકબાજુ નગરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનોના લીધે પણ માર્ગ સલામતી જોખમમાં મુકાય છે. ત્યારે મુખ્યમાર્ગો પર અસ્તિત્વ ધરાવતા ક્રોસ જંકશન પણ અનેકવાર જોખમી પુરવાર થયા છે. ક્રોસ જંકશન બંધ કરવા માટે પણ અગાઉ માર્ગ મકાન વિભાગ તેમજ પોલીસ તંત્ર વચ્ચે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો. શહેરમાં એક તબક્કે સર્કલ ટુ સર્કલ એન્ટ્રી કરવા માટે પણ સુચન કરાયુ હતુ જો કે છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિક સિગ્નલો પણ જબુકતા થતા મુખ્યમાર્ગો પર સર્કલો પાસે વાહનોની ગતિ નિયંત્રણમાં આવી ગઈ છે. પરંતુ રૂટમાં આવતા ક્રોસ પોઈન્ટ પર સેકટરોના એપ્રોચ પરથી મુખ્યમાર્ગ પર આવતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોતરે છે. જેના લીધે વાહનચાલકોમાં પણ આ પ્રકારના ક્રોસ જંકશનને અનુલક્ષી એક પ્રકારનો ફફડાટ છે. શહેરના સેકટરોના રીંગ રોડ તેમજ સર્વિસ રોડ સહીત આંતરિક વિસ્તારમાં પણ અનેક કામોના લીધે ખોદકામ હાથ ધરવામાં આવતા યોગ્ય માટી પુરાણના અભાવે માર્ગ સલામતી તો જોખમાય છે. પરંતુ ઉબડ ખાબડ બનતી ફુટપાથના લીધે વોકીંગ કરનારા પણ સલામત નથી ત્યારે માર્ગો પર ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે માર્ગ સલામતીનો મુદ્દો વધુ વિકરાળ બનતો જાય છે. શહેરના જાહેર સ્થળો પર યોગ્ય પાર્કીંગ વ્યવસ્થાના અભાવે પણ ટ્રાફિક જામના દ્રશ્યો સાથે રોડ સેફટીના અનેક પ્રશ્નો ઉભા થાય છે. અલબત્ત શહેરમાં ઠેર ઠેર પૈડા પરની જિન્દગી જોખમાતી હોવાનો દ્રશ્યો જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

### ૧૮મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ તા. ૧/૬/૧૯૬૭ સ્વ. તા. ૭/૧૨/૨૦૦૪

**સ્વ. કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા**

પાપણ ઝુકે આપને નમન થઈ જાય,
મસ્તક ઝુકે આપને વંદન થઈ જાય,
એવી નજર ક્યાંથી લાવીએ કે
યાદ કરીએ ને આપના દર્શન થઈ જાય...
કદી ન ભૂલાય એવી સ્મૃતિ અમારા ધબકારામાં છે.
પ્રભુ આપના દિવ્ય પવિત્ર આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના....

વિઠ્ઠલજી કે. મકવાણા
સંજયકુમાર વી. ઠાકોર (જમાઈ)
નયનાબેન એસ. ઠાકોર (દિકરી)
હિતેશ વિ. મકવાણા (પુત્ર)
બ્રિજલ હિતેશ મકવાણા (પુત્રવધુ)
ક્રિષા હિતેશ મકવાણા (પૌત્રી)
સ્મિત (ભાણો)

**સમસ્ત મકવાણા પરિવાર - ધોળાકુવા**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com